पुनरावर्तनम् - 2

1. નીચેનાં વાક્યોનું શુદ્ધ ઉચ્ચાર સાથે પઠન કરો :

(1) मम भारतं कर्मनैष्ठिकम् अस्ति।

(2) श्रोत्रस्य भूषणं शास्त्रम् अस्ति।

(3) सुखार्थिनः विद्या नास्ति।

(4) वैशाली प्रार्थनाखण्डे सुशोभनं करोति।

(5) उद्यमसमः बन्धुः नास्ति।

2. નીચેના શબ્દોને સંસ્કૃતમાં લખો :

(1) થાઓ (2) કોયલ (3) કાન (4) બગીચો (5) મહેનત (6) મોટેથી

3. माधवः कुत्र गच्छति ? એ પ્રશ્નનો જવાબ નીચે આપેલા શબ્દચક્રમાંથી લખો :

ઉદાહરણ : माधवः उद्यानं गच्छति।



2. નીચેનાં ગુજરાતી વાક્યોનો સંસ્કૃતમાં અનુવાદ કરો :

(1) હાથનું ઘરેણું દાન છે.

(2) કાગડો કાળો હોય છે.

(3) વિદ્યાર્થીએ સુખ છોડવું જોઈએ.

(4) આજે ધારાનો જન્મદિવસ છે.

(5) આચાર્ય શ્લોક ગાય છે.

5. ઉદાહરણમાં બતાવ્યા મુજબ પદો બનાવો, બોલો અને લખો :

ઉદાહરણ : हस्तः - हस्तस्य

(1) श्रोत्रम् - _____

(2) कण्ठः - _____

(3) मस्तकम् - _____

(4) मन्दिरम् - _____

(5) मयूरः - _____

(6) विद्यालयः - _____

6. નીચે આપેલાં વાક્યો સામે પાઠના આધારે આપેલ ખાનામાં (✓) અથવા (×)ની નિશાની કરો :

(1) भारतं शक्तिसम्भृतम् भवतु। ☐

(2) कङ्कणं हस्तस्य भूषणम्। ☐

(3) हंसः कृष्णः अस्ति। ☐

(4) अद्य वीणायाः जन्मदिनम् अस्ति। ☐

(5) विद्या विनयेन शोभते। ☐

(6) वृक्षाः दुर्जनाः इव। ☐

7. માતૃદેવો ભવ – એ સૂક્તિ સમાન બીજી સૂક્તિઓ લખો.

8. **कः कुतः आगच्छति ? (કોણ ક્યાંથી આવે છે ?) નીચેના કોષ્ટકના આધારે વાક્યો બનાવો :**

ઉદાહરણ : ऋषिः आश्रमतः आगच्छति।

कः	कुतः
(1) ऋषिः	आश्रमः
(2) रमणः	उद्यानम्
(3) उर्वी	ग्रन्थालयः
(4) छात्रः	विद्यालयः
(5) पूजकः	मन्दिरम्